SARDAR PATEL UNIVERSITY
B.Com. (V - Semester) Examination
Wednesday, 11th April, 2018
2.00 pm - 4.00 pm
UB05CCOM04/13 - Taxation - I

Total Marks : 60

Note: Figures to the right indicate marks.

Q.1
(A) Define as per Income Tax Act: (09)
(1) Person (2) Assessee (3) Casual Income
(B) Define as per Income Tax Act: Agriculture Income (06)

OR

Q.1 Define as per Income Tax Act: (15)
(1) Gross Income (2) Previous Year
(3) Assessment Year (4) Dividend
(5) Total Taxale Income

Q.2
(A) Write short note on Resident and Ordinary Resident. (05)
(B) From the following information, find out the residential status of Mr. Bhavesh, for the Assessment year 2017-18. (10)

Date of arrival in India	Date of Departure from India
20-4-2012	1-7-2013
1-4-2014	16-5-2014
12-1-2016	13-3-2017

OR

Q.2
(A) Explain in details the provisions of deduction under section 80-G for donations. (07)
(B) Explain the provisions of section 80-C for deduction for savings in specified schemes. (08)

Q.3 Mr. Manoj Marvadi is a Managing Director of a Ahmedabad Company. From the following details of financial year 2016-17, compute his taxable salary of A.Y. 2017-18 and investment under section 80-C. (15)

1. Basic salary Rs. 700000.
2. Dearness allowance 20% of the Basic salary. (considered for retirement benefits)
3. Commission @ Rs. 2500 p.m.
4. Bonus Rs. 20000.
5. Helper allowance Rs. 24000.
6. City compensatory allowance Rs. 20000.
7. House rent allowance Rs. 168000 yearly. (Acual rent paid Rs. 14000 per month)

8. House servant's salary paid by the employer Rs. 28800.
9. Payment made by the employer for fre supply of gas-electricity provided for personal use Rs. 12500.
10. Concessional lunch facility provided during office hours (cost per dish Rs. 200 for 300 days is borne by the company), a token amount of Rs. 60 per dish is deducted from his salary.
11. The employer has provided a car with driver, all expenses of maintenance are borne by the employee. The car is for office and private use and has 1.4 CC engine.
12. Company's conribution to recognised provident fund Rs. 126000. He has contributed to Rs. 84000 to RPF A/c.
13. Interest credited to recognised provident fund account at 10.5% Rs. 46200.
14. Professional tax paid by employee Rs. 200 monthly.
15. His investments are as under :
    (a) Life insurance premium Rs. 80000.
    (b) National Saving Certificate IX issue Rs. 90000.
    (c) Fix Deposit in SBI for three years Rs. 100000.

OR

Q.3 From the following details of salary income of Mrs. Mariya, the Managing Director of a company, for the financial year 2016-17, compute her taxable salary of A.Y. 2017-18. (15)

1. Basic salary Rs. 360000.
2. Bonus Rs. 45000.
3. Entertainment allowance Rs. 5000.
4. Payment made by the employer for free supply of gas, electricity provided for personal use Rs. 6250.
5. House servant's salary reimbursed by the employer Rs. 14400.
6. Free education facility provided to three children in an institution maintained by the employer, cost borne by the company for providing such education is Rs 39000 of which Rs. 1500 is recovered from her salary.
7. Concessional lunch facility provided during office hours (cost per dish Rs. 100 for 290 days is borne by the company), a token amount of Rs. 20 per dish is deducted from her salary.
8. Cost borne by the company for providing free holiday home facility at Mahabaleshwar Rs. 36000.
9. The company has also paid salary of Cook and Watchman at Rs. 9600 and Rs. 18000 respectively.
10. Mrs. Mariya bought personal articles worth Rs. 27500 by using the credit card provided by the employer.
11. The company has transferred a motor car to her name at a token price of Rs. 22400 as against its original cost of Rs. 250000 (used by the company for last 4 years) (Depreciation @ 20% p.a. rate under DBM is to be considered)
12. Company's contribution to recognised provident fund Rs. 48000.
13. Employee's contribution to recognised provident fund Rs. 48000.
14. Interest credited to her RPF a/c @ 10.5% is Rs. 23100.

15. Deposited by her in Public Provident Fund Rs. 60000.
16. Professional tax paid by her Rs. 2400.

Q.4 From the following details of house property of Bansilal, you are required to compute his taxable income from house property for the A.Y. 2017-18. (15)

	House No. 1 (Rs.)	House No. 2 (Rs.)
1. Annual value as per municipal valuation	180000	30000
2. Annual fair rent	162000	25000
3. Standard rent	150000	48000
4. Rate of annual rent receivable	330000	42000
5. Unrealised rent of P.Y. 2015-16	5500	8000
6. Vacancy period	3 Months	2 Months
7. Local taxes paid	20000	9000
8. Interest on loan taken by mortgaging House No. 1 (The loan was taken to construct the House No. 2)	60000	-
9. Interest on loan taken by mortgaging House No. 2 for its construction	-	6000
10. Repaid charges, Insurance exp. etc.	50000	14000

OR

Q.4 Shreyas owns three hosues, particulars which are as follows: (15)

	Satya (Let-out) (Rs.)	Ahinsha (S.O.) (Rs.)	Karuna (S.O.) (Rs.)
1. Municipal valuation	90000	20000	40000
2. Fair rent	96000	26000	36000
3. Rent receivable	10000 p.m.	-	-
4. Municipal taxes (paid)	18000	10%	10 % (unpaid)
5. Interest (unpaid) on housing loan (for construction or repairs)	4000	6000	3000
6. Insurance premium on building	2000	1000	2000
7. Date of completion of const.	1-4-14	31-3-12	31-3-13
8. Int. on loan paid during construction period	-	10000	12000
9. Land revenue	1000	200	300
10. Repayment of housing loan	-	10000	12000

The tenant (who was in possession of Satya upto 28-2-2017) has not paid 10 months rent. The house (Satya) has remained vacant in March, 2017.

Calculate the taxable income of Shreyas under the head income from house property for the A.Y. 2017-18.

[57/A43-G] Seat No: ___________ No. of printed pages: 3

SARDAR PATEL UNIVERSITY
B.Com. (V - Semester) Examination
Wednesday, 11th April, 2018
2.00 pm - 4.00 pm
UB05CCOM04/13 - Taxation - I

કુલ ગુણ : ૬૦

નોંધઃ જમણી બાજુના અંક પ્રશ્નના ગુણ દર્શાવે છે.

પ્ર.૧

(અ) આવકવેરા ધારા મુજબ વ્યાખ્યા આપો: (૦૯)
(૧) શખ્સ (૨) કરદાતા (૩) આકસ્મિક આવક

(બ) આવકવેરા ધારા મુજબ વ્યાખ્યા આપો : ખેતીની આવક (૦૬)

અથવા

પ્ર.૧ આવકવેરા ધારા મુજબ વ્યાખ્યા આપો: (૧૫)
(૧) કુલ આવક (૨) પાછલું વર્ષ (૩) આકારણી વર્ષ
(૪) ડિવિડન્ડ (૫) કુલ કરપાત્ર આવક

પ્ર.૨

(અ) ટૂંકનોંધ લખો: રહીશ અને સામાન્ય રહીશ. (૦૫)

(બ) નીચે દર્શાવેલ વિગતો ઉપરથી આકારણી વર્ષ ૨૦૧૭-૧૮ માટે શ્રી ભાવેશનો નિવાસનો હોદ્દો નક્કી કરો. (૧૦)

ભારતમાં આવ્યા તારીખ	ભારત બહાર ગયાની તારીખ
૨૦-૪-૨૦૧૨	૧-૭-૨૦૧૩
૧-૪-૨૦૧૪	૧૬-૫-૨૦૧૪
૧૨-૧-૨૦૧૬	૧૩-૩-૨૦૧૭

અથવા

પ્ર.૨

(અ) કલમ ૮૦-જી હેઠળ દાન અંગે મળવાપાત્ર કપાતોની જોગવાઈઓ વર્ણવો. (૦૭)

(બ) કલમ ૮૦-સી હેઠળ યોજનાઓમાં બચત અંગેની કપાતોની જોગવાઈઓ વર્ણવો. (૦૮)

પ્ર.૩ શ્રી મનોજ મારવાડી, અમદાવાદની કંપનીમાં મેનેજીંગ ડિરેક્ટર છે. નાણાંકીય વર્ષ ૨૦૧૬-૧૭ની તેમની નીચે આપેલી વિગતો પરથી આકારણી વર્ષ ૨૦૧૭-૧૮ માટે કરપાત્ર પગારની ગણતરી દર્શાવતું પત્રક તૈયાર કરો અને કલમ ૮૦-સી હેઠળ કપાત નક્કી કરો. (૧૫)

૧. મૂળ પગાર રૂા. ૭૦૦૦૦૦.
૨. મોંઘવારી ભથ્થું-મૂળ પગારના ૨૦% (નિવૃત્તિના લાભો માટે ધ્યાનમાં લેવાય છે.)
૩. કમિશન માસિક રૂા. ૨૫૦૦ના દરે.
૪. બોનસ રૂા. ૨૦૦૦૦.
૫. મદદનીશ ભથ્થું રૂા. ૨૪૦૦૦.
૬. સિટી કોમ્પેન્સેટરી એલાઉન્સ રૂા. ૨૦૦૦૦.
૭. ઘરભાડા ભથ્થું વાર્ષિક રૂા. ૧૬૮૦૦૦.
(ખરેખર ચૂકવેલ ભાડું માસિક રૂા. ૧૪૦૦૦)
૮. ઘરઘાટીના પગાર અંગે માલિકે ચૂકવેલ રકમ રૂા. ૨૮૮૦૦.
૯. અંગત વપરાશ માટે મફત ગેસ-વીજળીની સવલત અંગે માલિકે ચૂકવેલ ખર્ચ રૂા. ૧૨૫૦૦.

૧૦. ઓફિસ સમય દરમ્યાન અંશતઃ મફત ભોજનની સગવડ (૩૦૦ દિસ માટે ભોજનદીઠ રૂા. ૨૦૦ લેખે ખર્ચ થયો છે, જે કંપનીએ ભોગવેલ છે.) આ અંગે ભોજનદીઠ રૂા. ૬૦ની ટોકન રકમ પગારમાંથી કાપી લેવામાં આવી છે.

૧૧. માલિકે ૧.૪ સીસીના એન્જીનની મોટર કાર, ડ્રાઈવરની સગવડ સાથે આપેલી છે. આ ગાડીનો ઉપયોગ અંશતઃ ધંધા માટે અને અંશતઃ ખાનગી હેતુ માટે થાય છે. આ અંગેના બધા ખર્ચા કર્મચારી ભોગવે છે.

૧૨. માન્ય પ્રોવિડન્ટ ફંડમાં કંપનીનો ફાળો રૂા. ૧૨૬૦૦૦, કર્મચારીએ આ ફંડમાં રૂા. ૮૪૦૦૦ ફાળવ્યા છે.

૧૩. માન્ય પ્રોવિડન્ટ ફંડમાં વાર્ષિક ૧૦.૫%ના દરે જમા થયેલું વ્યાજ રૂા. ૪૬૨૦૦.

૧૪. કર્મચારીએ ચૂકવેલ વ્યવસાયવેરો રૂા. ૨૦૦ માસિક.

૧૫. તેમના રોકાણો નીચે મુજબ હતા.

(અ) જીવન વીમા પ્રિમીયમ રૂા. ૮૦૦૦૦.

(બ) રાષ્ટ્રીય બચત પત્ર (IX શ્રેણી) રૂા. ૯૦૦૦૦.

(ક) બેંકમાં ત્રણ વર્ષ માટે ફિક્સ ડિપોઝીટ રૂા. ૧૦૦૦૦૦.

અથવા

પ્ર.૩ નાણાંકીય વર્ષ ૨૦૧૬-૧૭ માટે એક કંપનીની મેનેજીંગ ડિરેક્ટર શ્રીમતિ મારિયાની આવકની નીચે આપેલી વિગતો પરથી આ.વ. ૨૦૧૭-૧૮ની કરપાત્ર પગારની ગણતરી દર્શાવતું પત્રક તૈયાર કરો. (૧૫)

૧. મૂળ પગાર રૂા. ૩૬૦૦૦૦.

૨. બોનસ રૂા. ૪૫૦૦૦.

૩. મનોરંજન ભથ્થું રૂા. ૫૦૦૦.

૪. અંગત વપરાશ માટે મફત ગેસ-વીજળીની સવલત અંગે માલિકે ચૂકવેલ ખર્ચ રૂા. ૬૨૫૦.

૫. ઘરઘાટીના પગાર અંગે માલિકે ચૂકવેલ રૂા. ૧૪૪૦૦.

૬. માલિક દ્વારા જેનો નિભાવ થાય છે તેવી શૈક્ષણિક સંસ્થાઓમાં તેમનાં ત્રણ સંતાનોને અંશતઃ મફત શિક્ષણ આપવામાં આવે છે. જે અંગે કંપનીએ ભોગવેલ ખર્ચ રૂા. ૩૯૦૦૦ પૈકી તેણીના પગારમાંથી રૂા. ૧૫૦૦ની રકમ કાપી લેવામાં આવી છે.

૭. ઓફસ સમય દરમિયાન અંશતઃ મફત ભોજનની સગવડ (૨૯૦ દિવસ માટે ભોજનદીઠ રૂા. ૧૦૦ લેખે ખર્ચ થયો છે.)આ અંગે ભોજનદીઠ રૂા. ૨૦ની ટોકન રકમ પગારમાંથી કાપી લેવામાં આવી છે.

૮. મહાબળેશ્વરમાં મફત હોલિડે હોમની સગવડ અંગે કંપનીએ ભોગવેલ ખર્ચ રૂા. ૩૬૦૦૦.

૯. કંપનીએ ચૂકવેલ રસોઇયા અને ચોકિદારનો પગાર અનુક્રમે રૂા. ૯૬૦૦ અને રૂા. ૧૮૦૦૦.

૧૦. વર્ષ દરમિયાન કંપનીએ આપેલ ક્રેડિટ કાર્ડનો ઉપયોગ કરીને શ્રીમતિ મારિયાએ રૂા. ૨૭૫૦૦ની ખરીદી કરી હતી.

૧૧. કંપનીની માલિકીની મોટરનું શ્રીમતિ મારિયાને ફક્ત રૂા. ૨૨૪૦૦માં વેચાણ કર્યું હતું. આ મોટરની મૂળ કિંમત રૂા. ૨૫૦૦૦૦ હતી અને તેનો કંપનીના કામ માટે ૪ વર્ષ સુધી ઉપયોગ થયો હતો. (આ હેતુ માટે ઘસારો ઘટતી જતી બાકીની રીતે વાર્ષિક ૨૦%ના દરે ગણાશે).

૧૨. માન્ય પ્રોવિડન્ટ ફંડમાં કંપનીનો ફાળો રૂા. ૪૮૦૦૦.

૧૩. માન્ય પ્રોવિડન્ટ ફંડમાં કર્મચારીનો પોતાનો ફાળો રૂા. ૪૮૦૦૦.

૧૪. માન્ય પ્રોવિડન્ટ ફંડમાં વાર્ષિક ૧૦.૫%ના દરે જમા થયેલું વ્યાજ રૂા. ૨૩૧૦૦.

૧૫. પબ્લિક પ્રોવિડન્ટ ફંડમાં તેમણે જમા કરાવેલ રકમ રૂા. ૬૦૦૦૦.

૧૬. કર્મચારીએ ચૂકવેલ વ્યવસાયવેરો રૂા. ૨૪૦૦.

પ્ર.૪ શ્રી બંસીલાલની માલિકીની મકાન મિલકતોને લગતી નીચે આપેલી માહિતી પરથી આકારણી વર્ષ ૨૦૧૭-૧૮ માટે મકાન મિલકતોની કરપાત્ર આવકની ગણતરી કરો. (૧૫)

	મકાન નં. ૧ (રૂા.)	મકાન નં. ૨ (રૂા.)
૧. મ્યુનિસિપલ આકારણી મુજબ વાર્ષિક મૂલ્ય	૧૮૦૦૦૦	૩૦૦૦૦
૨. વાર્ષિક વાજબી ભાડું	૧૬૨૦૦૦	૨૫૦૦૦
૩. સ્ટાન્ડર્ડ રેન્ટ	૧૫૦૦૦૦	૪૮૦૦૦
૪. મળવાપાત્ર વાર્ષિક ભાડાનો દર	૩૩૦૦૦૦	૪૨૦૦૦
૫. પાછલા વર્ષ ૨૦૧૫-૧૬નું વસૂલ ન થઈ શકે તેવું ભાડું	૫૫૦૦	૮૦૦૦
૬. મકાન ખાલી રહ્યાનો સમય	૩ માસ	૨ માસ
૭. સ્થાનિક કરવેરા ચૂકવ્યા	૨૦૦૦૦	૯૦૦૦
૮. મકાન નં. ૧ ગીરો મુકીને લીધેલ લોનનું વ્યાજ (આ લોન મકાન નં. ૨ બંધાવવા માટે લીધી હતી.)	૬૦૦૦૦	-
૯. બાંધકામ માટે મકાન નં. ૨ ગીરો મુકીને લીધેલ લોનનું વ્યાજ	-	૬૦૦૦
૧૦. મકાનના મરામત ખર્ચ, વીમા વગેરેના ખર્ચા	૫૦૦૦૦	૧૪૦૦૦

અથવા

પ્ર.૪ શ્રેયસ ત્રણ મકાન ધરાવે છે, જેની માહિતી નીચે મુજબ છે. (૧૫)

	સત્ય (રહેઠાણ માટે ભાડે આપેલ) (રૂા.)	અહિંસા (સ્વ-વપરાશ) (રૂા.)	કરૂણા (સ્વ-વપરાશ) (રૂા.)
૧. મ્યુનિસિપલ આકારણી	૯૦૦૦૦	૨૦૦૦૦	૪૦૦૦૦
૨. વાજબી ભાડું	૯૬૦૦૦	૨૬૦૦૦	૩૬૦૦૦
૩. મળવાપાત્ર ભાડું (માસિક)	૧૦૦૦૦	-	-
૪. મ્યુનિસિપલ કરવેરા (ચૂકવેલ)	૧૮૦૦૦	૧૦%	૧૦ % (બાકી)
૫. બાંધકામ કે મરામત માટે લીધેલ લોનનું વ્યાજ (ચૂકવવાનું બાકી)	૪૦૦૦	૬૦૦૦	૩૦૦૦
૬. મકાનનું વીમા પ્રિમીયમ	૨૦૦૦	૧૦૦૦	૨,૦૦૦
૭. બાંધકામ પુરું થયા તારીખ	૧-૪-૧૪	૩૧-૩-૧૨	૩૧-૩-૧૩
૮. બાંધકામ સમય દરમ્યાન ચૂકવેલ વ્યાજ	-	૧૦૦૦૦	૧૨૦૦૦
૯. જમીન મહેસૂલ	૧૦૦૦	૨૦૦	૩૦૦
૧૦. મકાન મરામત માટે લીધેલી લોનની પરત ચૂકવણી	-	૧૦૦૦૦	૧૨૦૦૦

ચાલુ વર્ષના ૧૦ માસના ભાડાની રકમ 'સત્ય' મકાનના ભાડુઆત પાસેથી મળેલ નથી. 'સત્ય' મકાનના નાદાર ભાડુઆતે તા. ૨૮-૨-૨૦૧૭ના રોજ મકાન ખાલી કરેલ છે. ત્યાર પછી તે મકાન ખાલી રહેલ છે.

આકારણી વર્ષ ૨૦૧૭-૧૮ માટે શ્રેયસની મકાન-મિલકતની આવકના મથાળા નીચે કરપાત્ર આવકની ગણતરી કરો.